**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૨૯.૮ ડીગ્રી
લઘુતમ : ૧૬.૦ ડીગ્રી
ભેજ
સવારે ૬૯ ટકા ● સાંજે ૫૮ ટકા

# શહેરમાં આજ-કાલ લગ્ન પ્રસંગોની હારમાળા

## શુભ દિવસો હોવાથી લગ્નની શહેનાઈઓ ગૂંજી : અવનવા રીત રિવાજોથી લગ્નની ઉજવણી કરતા દંપત્તિઓના વિડિયો તથા ફોટાઓ સોશિયલ મીડિયામાં વાયરલ

ગાંધીનગર, તા. ૬

માગસર મહિનાના સુદ પક્ષની શરૂઆત થઈ ચુકી છે. માગસર માસની પાંચમને લગ્ન પંચમી કહેવાય છે. માગસર મહિનાના સુદ પક્ષની પાંચમ તિથિએ શ્રીરામ-સીતાના લગ્ન થયા હોવાથી આ દિવસને વિવાહ પંચમી તરીકે ઉજવવામાં આવે છે. ત્યારે શહેરમાં લગ્નસરાની મૌસમ જામી છે. આજકાલના દિવસોમાં લગ્ન મુહૂર્ત હોવાના કારણે ઠેર ઠેર પાર્ટી પ્લોટો અને લગ્નવાડીઓમાં લગ્નની શહેનાઈઓ ગૂંજી ઉઠશે.

આ અઠવાડિયે ભગવાન રામ-સીતામાતાના લગ્નની તિથિ ગણાય છે જેથી આ શુભ દિવસોમાં સૌથી વધારે લગ્ન પ્રસંગો યોજાવાના છે. રામાયણમાં સુંદરકાંડને ખૂબજ મહત્વનો માનવામાં આવે છે. તેમાં સીતા સ્વયંવર અને રામ-સીતાના વિવાહનો પ્રસંગ ખૂબ જ રસપ્રદ છે. છઠ્ઠના દિવસે વ્રત પણ રાખવાનો મહિમા છે. આ તિથિને ચંપા ષષ્ઠી પણ કહેવામાં આવે છે. આ દિવસોને હિન્દુ પંચાંગમાં ખાસ મહત્વનું ગણવામાં આવે છે. આ દિવસોમાં કોઈ પણ શુભ કાર્ય કરવા માટે શ્રેષ્ઠ



મનાય છે.

કોરોના મહામારી બાદ ઘણા લાંબા સમયે લગ્નની ધામધૂમપૂર્વક ઉજવણી કરવામાં આવી રહી છે. સરકારી ગાઈડલાઈન મુજબ ઓછા માણસોની ઉપસ્થિતિમાં પણ ભવ્ય ઉજવણી થઈ રહી છે. જો કે કોરોનાનો નવો વેરિયેન્ટ આવતા હવે શહેરીજનોમાં ભયનો માહોલ પણ જોવા મળી રહ્યો છે. તેથી જેમ જેમ કેસોમાં વધારો થાય છે તેમ શહેરીજનો લગ્નોમાં હાજરી આપવી કે નહી તેવી અસમંજસમાં વર્તાય છે. દિવસોમાં લગ્ન પ્રસંગોની લાઈન થવાની છે જેમાં એક જ દિવસે ત્રણ-ચાર લગ્નોમાં હાજરી આપવી પડે તેવી હાલત શહેરીજનોની બની ગઈ છે. શહેરમાં ચાલી રહેલા લગ્નોમાં ઓમિક્રોને ભય ફેલાવ્યો છે. જેમાં જાન્યુઆરી માસમાં કોરોનાની ત્રીજી લહેર આવશે એવા પણ એંધાણ છે. તેથી કોરોનાની રસી લેવામાં પણ શહેરીજનો ઉતાવળા જોવા મળી રહ્યા છે. જો કે હજી પણ કોરોનાની રસીનો બીજો ડોઝ લેવામાં ઘણા બધા બાકી છે અને વેક્સિન લીધા વગર જ લગ્ન પ્રસંગોમાં જઈ રહ્યા છે. જે નિરાશાજનક બાબત છે. સરકાર દ્વારા કોરોના ગાઈડલાઈનના પાલન સહિત મંજૂરી આપવામાં આવી છે. તેમ છતાં માણસો વેક્સિન લીધા વગર જ લગ્નસરાની ઉજવણી કરી રહ્યા છે. આ માસમાં સોશિયલ મીડિયામાં પણ લગ્નસરાની સિઝન ચાલી રહી છે. જ્યાં જોઈએ ત્યાં લગ્નના જ ફોટાઓ મુકવામાં આવી રહ્યા છે. જ્યારે અમુક વિડીયો તો ટ્રેન્ડમાં પણ જોવા મળી રહ્યા છે. અવનવા રીત રિવાજોથી લગ્નની ઉજવણી કરતા દંપત્તિઓના વિડિયો તથા ફોટાઓ સોશિયલ મીડિયામાં ખૂબ વાયરલ થઈ રહ્યા છે.

## શહેર ભાજપા દ્વારા ડૉ. બાબાસાહેબ આંબેડકરને પુષ્પાંજલિ કાર્યક્રમ યોજાયો



મહાનગર ભાજપ દ્વારા બંધારણના ઘડવૈયા ડૉ. બાબાસાહેબ આંબેડકરના નિર્વાણદિન નિમિત્તે વિધાનસભા સંકુલની સામે સ્થિત ડૉ. આંબેડકરની પ્રતિમાને પુષ્પાંજલિનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં મહાનગર ભાજપા પ્રમુખ ઋચિર ભટ્ટ, મેયર હિતેશ મકવાણા, ડે. મેયર પ્રેમલસિંહ ગોલ, મહામંત્રી કનુભાઈ દેસાઈ, ધર્મેન્દ્રસિંહ વાઘેલા સહિત સંગઠનના હોદ્દેદારો, ચૂંટાયેલા પાંખના અગ્રણીઓ, કાર્યકર્તાઓ, ડૉ. બાબા સાહેબ આંબેડરને પુષ્પાંજલિ અર્પણ કરી શ્રધ્ધાંજલિ પાઠવી હતી.

## આજે આત્મન ફાઉન્ડેશન સંસ્થાની બેઠકમાં સેવાભાવીઓને જોડાવા આમંત્રણ

ગાંધીનગર, તા.૬

ગાંધીનગરની વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓ કરતી સંસ્થા આત્મન ફાઉન્ડેશનની એક બેઠક તા. ૭મી ડિસેમ્બરના રોજ યોજાનાર છે. બેઠકમાં સંસ્થાની પ્રવૃત્તિઓનો અહેવાલ, વાર્ષિક હિસાબ રજૂ કરવામાં આવશે તે સાથે સંસ્થા દ્વારા નિર્માણ પામનાર રેવા ગ્રામ સેવા સંકુલ વિશેની ભૂમિકા રજૂ કરી ચિંતન કરવામાં આવશે. સેવા પ્રવૃત્તિઓમાં રસ ધરાવતા નિવૃત્ત નગરજનો, ઉત્સાહી શિક્ષકો, યુવાઓ, બહેનો વગેરેને સેવા પ્રવૃત્તિઓમાં સાંકળી શકાય તે હેતુથી આ ખુલ્લી બેઠક યોજવામાં આવી છે. બેઠક તા. ૭મી ડિસેમ્બરે ગાંધીનગરના સેકટર - ૨૩માં લગ્નવાડી પાસેના ઘ ટાઈપના બ્લોક નં. ૬૧-૧માં નિસર્ગ કોમ્યુનિટી સાયન્સ સેન્ટર ખાતે સાંજે ૫.૩૦ કલાકે યોજાશે. સેવા પ્રવૃત્તિઓમાં રસ ધરાવનારાઓને બેઠકમાં જોડાવા સંસ્થા દ્વારા જાહેર આમંત્રણ આપવામાં આવ્યું છે.



પેથાપુરમાં આચાર્ય ૧૦૮ સન્મતી સાગરજી મહારાજનું વિધાન કરવામાં આવ્યું હતું. જેમાં જૈન ભાઈઓ-બહેનોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. વિધાન નિમિત્તે પેથાપુર જૈન સમાજ દ્વારા ગાંધીનગર મુક-બધિર શાળાના બાળકોને ફળ વિતરણ કરવામાં આવ્યું હતું.

## આગામી સોમવારે પૂ. ગુરૂમા પ્રેરિત રેવા સમદર્શન આશ્રમનું વાસ્તુપૂજન

ગાંધીનગર, તા.૬

ગાંધીનગરના સેકટર-૧ સ્થિત સમદર્શન આશ્રમ શહેરમાં આધ્યાત્મિક પ્રવૃત્તિઓ માટે સુપ્રસિધ્ધ છે. સમદર્શન આશ્રમના પ્રણેતા પૂ. ગુરૂમા સમાનંદ સરસ્વતીજી દ્વારા વડોદરા જિલ્લાના કરજણ તાલુકામાં જાણીતા યાત્રાધામ નારેશ્વર પાસે હિરજીપુરા ખાતે રેવા તટે આધ્યાત્મ ચેતનાના કેન્દ્ર સમા રેવા સમદર્શન આશ્રમનું નિર્માણ કરવામાં આવ્યું છે. રેવા સમદર્શન આશ્રમનું વાસ્તુપૂજન આગામી તા. ૧૩મી ડિસેમ્બર સોમવારે પૂ. વિદિતાત્માનંદજી મહારાજ સહિત, અનેક સંતોની પાવન ઉપસ્થિતિમાં યોજાશે. આ કાર્યક્રમમાં સવારે ૮ કલાકે વાસ્તુપૂજન પ્રારંભ સવારે ૮ કલાકે થશે ત્યારબાદ સવારે ૧૦ કલાકે સંતોના આશીર્વચન બાદ બપોરે ૧૨.૩૯ કલાકે આશ્રમ પ્રવેશ યોજાશે. કાર્યક્રમના સમાપને બપોરે ૧.૩૦ કલાકે મહાપ્રસાદનું આયોજન કરવામાં આવ્યું છે.

## ડૉ. બાબાસાહેબ આંબેડકરને પુષ્પાંજલિ

ગાંધીનગર, તા. ૬

ડૉ. બાબાસાહેબ આંબેડકરની નિર્વાણદિન નિમિત્તે ગાંધીનગર જિલ્લા દલિતસેના દ્વારા બાબાસાહેબની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પવામાં આવી હતી. ગાંધીનગર જિલ્લા પ્રમુખ બાબુભાઈ એચ. મેસરવાલાએ ડૉ. આંબેડકરની પ્રતિમાને પુષ્પાંજલિ આપી શ્રદ્ધાંજલિ આપી હતી. તેમજ ડૉ. આંબેડકર અમર રહો, જબ તક સૂરજ ચાંદ રહેગા તબ તક તુમ્હારા નામ રહેગાના નારા સાથે જણાવેલ કે ડૉ. આંબેડકરે ભારતનું બંધારણ બનાવી હક્ક અને અધિકારો આપ્યા તેમજ શિક્ષિત બનો, સંગઠિત થાઓ, સંઘર્ષ કરોના રાહે ચાલવા સમાજને અપીલ કરી હતી. આ પ્રસંગે અન્ય કાર્યકરો મોહનભાઈ કે. બાલુવાકર, રાજીવ પરીખ, ખેમાભાઈ પરમાર, નારણભાઈ, હીનાબેન વગેરે ઉપસ્થિત રહી પુષ્પાંજલિ આપી હતી.

## એસ.એસ.વી.માં લાયન્સ કવેસ્ટ કાર્યક્રમ

ગાંધીનગર, તા.૬

એસ.એસ.વી. કેમ્પસમાં બાળકની મનોસ્થિતિ સમજી તેનું સાચું માર્ગદર્શન આપવાનો કાર્યક્રમ યોજાશે. જેમાં ધોરણ ૭, ૮, ૯ના



વિદ્યાર્થીઓને વર્ષ દરમિયાન જરૂરી માર્ગદર્શન મળશે. તારીખ ૪ ડિસેમ્બરના રોજ વિદ્યાર્થીઓ તથા વાલીઓને આ વિષય આવરી લેતા પુસ્તકનું વિતરણ કરવામાં આવ્યું હતું. બાળક જયારે બાલ્યાવસ્થા પૂર્ણ કરી તરુણાવસ્થામાં પ્રવેશે છે ત્યારે તેનામાં શારીરિક તેમજ માનસિક સ્થિતિમાં ઘણા ફેરફાર આવે છે. તેમની લાગણીઓમાં બદલાવ આવે છે. બાળકની દુનિયા જોવાનો નજરીયો બદલાય છે. તેને મોટા દ્વારા આપેલ સલાહ ગમતી નથી. તે પોતાની અલગ જ સ્વપ્નની દુનિયામાં વિહરતું હોય છે. કયારેક કયારેક તેમના મતભેદ અલગ હોય છે. જેથી આજુબાજુ રહેતા લોકો જોડે ઘર્ષણ થાય છે. જેથી તણાવ અનુભવતું હોય છે. આવા સમયે શિક્ષકો અને બાળકના માતા પિતા તેના શ્રેષ્ઠ મિત્ર અને માર્ગદર્શક બને અને તેને સમજીને યોગ્ય માર્ગદર્શન કરે તો બાળકને સાચો રસ્તો મળે છે.

## એમ.બી. પટેલ ગર્લ્સ સ્કૂલમાં બાલ ઉર્જા રક્ષકદળનો કાર્યક્રમ યોજાયો



ગાંધીનગર, તા. ૬

એમ.બી. પટેલ ગર્લ્સ પ્રાયમરી સ્કૂલમાં બાલ ઉર્જા રક્ષક દળનો કાર્યક્રમ યોજાયો હતો. જે નિસર્ગ કોમ્યુનિટી સાયન્સ સેન્ટર અને શાળાના સંયુક્ત ઉપક્રમે યોજયો હતો. જેમાં નિસર્ગ કોમ્યુનિટી સાયન્સ સેન્ટરના મેનેજિંગ ટ્રસ્ટી ડૉ. અનિલભાઈ પટેલ તથા કો.ઓર્ડીનેટર હાર્દિકભાઈ તથા શિવાંગભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. વર્તમાન સમયમાં ઉર્જાની કટોકટીને વિસ્તારપૂર્વક સમજ આપી હતી. જેમાં ત્વરિત લેખિત કસોટી દ્વારા મુલ્યાંકન કર્યુ હતુ. આ કસોટીમાં પ્રથમ સ્થાને નિત્યા તથા બીજા સ્થાને કૃપાલી અને ત્રીજા સ્થાને કીર્તિ વિજેતા રહ્યા હતા. તેમને ગુજરાત ઉર્જા વિકાસ એઝન્સી તથા નિસર્ગ કોમ્યુનિટી સેન્ટર દ્વારા ૨૦૦૦ રપિયા રોકડ પુરસ્કાર એનાયત કર્યા હતા. શાળાના આચાર્ય નીરૂબેન પટેલે વિજેતાઓને અભિનંદન પાઠવ્યા હતા. આ કાર્યક્રમમાં શાળાના તમામ વિજ્ઞાન શિક્ષકો તથા સુપરવાઈઝર અને ધો. ૮ની ૧૦૦ જેટલી વિદ્યાર્થીની બહેનો હાજર રહ્યા હતા.

## લાયોનેસ કલબ ઓફ ગાંધીનગર દ્વારા સેવાકાર્ય




ગાંધીનગર, તા.૬

લાયોનેસ કલબ ઓફ ગાંધીનગર દ્વારા એચઆઈવી પરિવારોમાં ધાબળા વિતરણ કરવામાં આવ્યા હતા. ગાંધીનગર સિવિલ કેમ્પસમાં યોજાયેલ આ કાર્યક્રમમાં ૫૦ જેટલા પરિવારોને લાયોનેસ કલબના પ્રમુખ નીતા રાણા તથા તેમની ટીમ દ્વારા ધાબળા વિતરિત કરાયા હતા. સોચ અને પી પ્લસ સંસ્થાના સહયોગથી યોજાયેલા કાર્યક્રમમાં લાયોનેસ પ્રમુખ નીતારાણા, સેક્રેટરી ઉષા ટાટુ, વિમળા અપાચી સહિત લાયોનેસ બહેનો તથા સોચ એન પી પ્લસના પ્રમુખ સોમાજી ઠાકોર સહિત સંસ્થાના પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## હિસાબ અને તિજોરી ખાતાના પેન્શનર્સ એસોસિએશનનો સ્નેહમિલન સમારંભ યોજાયો




ગાંધીનગર, તા.૬

અત્યારે શહેરમાં વિવિધ સંસ્થાઓ તથા સંગઠનોના સ્નેહમિલન સમારંભની મોસમ ચાલી રહી છે. ગાંધીનગર ખાતે હિસાબ અને તિજોરી ખાતાના પેન્શનર્સ એસોસિએશનના સ્નેહ મિલન સમારંભ તા.૫મી ડિસેમ્બર રવિવારના રોજ યોજવામાં આવ્યો હતો. સમારંભમાં હિસાબ અને તિજોરી ખાતાના આશરે ૭૦થી વધુ નિવૃત્ત ઉચ્ચ અધિકારીઓ અને કર્મચારીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. સમારંભમાં હિસાબ અને તિજોરી ખાતાના પેન્શનર્સના પ્રશ્નો અંગે મુક્ત મને ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે નિવૃત્ત સંયુક્ત નિયામક કે. એસ. પટેલ આ સ્નેહ મિલન સમારંભના સૌજન્ય દાતા હતા.

## સાદરામાં શૌર્યગીતોની તાલીમ અપાઈ



ગાંધીનગર, તા. ૬

આઝાદીના અમૃત મહોત્સવ ગુજરાત વિદ્યાપીઠ યુવા પ્રેરિત અનેક કાર્યક્રમો થઈ રહ્યા છે. જેમાં સંકુલ સાદરાના કન્યા છાત્રાલયમાં સ્વતંત્રતા સંગ્રામને યાદ કરાવતાં શૌર્યગીતો ગાવાની તાલીમ ૧૪૦ વિદ્યાર્થીનીઓને આપવામાં આવી હતી. આ તાલીમ આપવાનું કાર્ય રમેશચંદ્ર શર્માએ કર્યુ હતુ. જેઓએ કિશોર શાંતિ સેના, સંપૂર્ણ ક્રાંન્તિ આંદોલન, ભારત જોડો અભિયાનમાં સક્રિય રીતે ભાગ લીધો હતો. આ કાર્યક્રમમાં સંયોજક રમેશભાઈ પટેલે મહેમાનનો પરિચય કરાવ્યો હતો. વિદ્યાર્થીની દિપ્સાએ આભારદર્શન કર્યુ હતુ. જ્યારે કાર્યક્રમનું સંચાલન મિલ્કા હિલીમ અને સ્મીતા ગામીતે કર્યુ હતુ.

## નર્સિંગ ટીચર્સ એસોસિએશનનો સન્માન સમારોહ યોજાયો

ગાંધીનગર, તા.૬

ધ નર્સિંગ ટીચર્સ એસોસિએશન ઓફ ઈન્ડિયાની ગુજરાત રાજય શાખા અને નર્સિંગ સ્કોલર સોસાયટી દ્વારા સન્માન સમારોહ યોજાયો હતો. જે અમદાવાદ ખાતે આયોજિત હતો. ગુજરાત નર્સિંગ કાઉન્સિલના રજીસ્ટ્રાર ડૉ. પ્રજ્ઞાબેન ડાભીને નેશનલ ફલોરેન્સ નાઈટીંગેલ એવોર્ડ ૨૦૨૦ એનાયત કર્યો હતો. તેના માનમાં આ કાર્યક્રમનું આયોજન કરાયું હતું. આ કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે ગુજરાત નર્સિંગ કાઉન્સિલના ઉપપ્રમુખ સહિત અતિથિવિશેષ આઈ.એ. કડીવાલા ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં તમામ નર્સિંગ કોલેજોના આચાર્યો, નર્સિંગ શિક્ષકો ઉપસ્થિત રહ્યા હતા. નર્સિંગ એસોસિએશન ઈન્ડિયાના રાષ્ટ્રીય અધ્યક્ષ ડૉ. ફારૂકખાન, રાષ્ટ્રીય મહામંત્રી ડૉ. મનીષકુમાર, એનટીઆઈના પ્રદેશ પ્રમુખ હિમાંશુ ત્રિવેદી અને નર્સિંગ સ્કોલર સોસાયટીના પ્રમુક બિનુ જોય અને ફાલ્ગુની મોદી, પ્રો. હિમાલી પ્રજાપતિ, સેન્ટ્રલ ઝોનના પ્રમુખ હાર્દિક શર્મા તથા તમામ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## ચિરવિદાય

**● મુક્તિધામ ●**

- **સ્વ. કાનાણી પુરષોત્તમભાઈ દેવજીભાઈ**, ઉ.વ. ૬૮, સે-૨૦
- **સ્વ. તન્ના સરસ્વતીબેન હિરાલાલ**, ઉ.વ. ૯૧, સેકટર-૭
- **સ્વ. સુરમાદેવી**, ઉ.વ. ૮૪, ચિલોડા આર્મી કેમ્પ
- **સ્વ. ઠાકોર જીવણજી સોમાજી**, ઉ.વ. ૮૫, પલસાણા, કલોલ
- **સ્વ. પટેલ ઉગરીબેન જીવાભાઈ**, ઉ.વ. ૮૦, કુડાસણ
- **સ્વ. બજાણીયા સંતોકબેન ખોડાભાઈ**, ઉ.વ. ૯૦, રાંધેજા
- **સ્વ. નિર્મલાદેવી**, કુડાસણ

# ડીએ-આઇઆઇસીટીના વિદ્યાર્થીઓએ વિશ્વ વિકલાંગ દિવસની ઉજવણી કરી

## ડાંગ જિલ્લાની પ્રજ્ઞા મંદિરના દિવ્યાંગ બાળકો માટે ટોક શોના આયોજન ઉપરાંત વૃક્ષારોપણ કર્યું

ગાંધીનગર, તા.૬

તાજેતરમાં આંતરરાષ્ટ્રીય વિકલાંગ દિવસ નિમિત્તે ગાંધીનગરની ધીરુભાઈ અંબાણી ઈન્સ્ટિટયુટ ઓફ ઈન્ફોર્મેશન એન્ડ કોમ્યુનિકેશન ટેકનોલોજીના સાયનેપ્સના વિદ્યાર્થીઓ દ્વારા ડાંગ જિલ્લામાં દિવ્યાંગ વિદ્યાર્થીઓ માટેની વિશેષ શાળા પ્રજ્ઞા મંદિર ખાતે એક ટોક શો અને વૃક્ષારોપણ અભિયાનનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ ટોક શોમાં ભારતની આંતરરાષ્ટ્રીય પેરા બેડમિન્ટન ખેલાડી પારુલ પરમાર, પેરા સ્વિમર રણજીત ગોહિલ અને



ઈન્ડિયા પોસ્ટમાંથી સિનિયર પોસ્ટમાસ્ટર ઉપસ્થિત રહ્યાં હતા. ટોક શો પછી વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. શાળામાં વૃક્ષારોપણ અભિયાન આ વિદ્યાર્થીઓ માટે એક પ્રકારનો આનંદદાયક પ્રસંગ હતો જે પ્રજ્ઞા મંદિર અને તેના વિદ્યાર્થીઓ માટે બહુવિધસ્તરે ફાયદાકારક બનશે.

સાયનેપ્સ કમિટીએ ગાંધીનગર ખાતે પણ ડીએ-આઈઆઈસીટી કેમ્પસની અંદર પણ વૃક્ષારોપણ અભિયાનનું આયોજન કર્યુ હતુ જેમાં તમામ બેચના અનેક વિદ્યાર્થીઓ તેમજ ડાયરેકટર કે.એસ. દાસ ગુપ્તા જોડાયાં હતા. આ પ્રવૃત્તિએ વિદ્યાર્થીઓમાં સમાજ અને પર્યાવરણીય મુદ્દાઓ વિશે જાગૃતિ લાવવા ઉપરાંત સમાજ પ્રત્યેની જવાબદારી નિભાવવાની તક પુરી પાડી હતી.

## શહેર વસાહત મહામંડળ દ્વારા ૧૧મીએ અસ્થિ વિસર્જન પ્રાર્થના સભા

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર શહેર વસાહત મહામંડળ દ્વારા અસ્થિ વિસર્જન પ્રાર્થના સભાનું આયોજન કરેલ છે. જે તા. ૧૧ના રોજ સવારે ૯.૪૫ કલાકે સે. ૩૦ અંતિમધામ સ્મશાનગૃહ ખાતે રાખેલ છે. ગાંધીનગર અંતિમધામ તથા સરગાસણ, દહેગામ ખાતેના અંતિમધામમાં એકત્રીત થતાં અનો મહાનગરપાલિકાના સહકારથી ગાંધીનગર શહેર વસાહત મહામંડળ પ્રતી ચાર માસાંતે હરિદ્વાર ખાતે વિધિવત અસ્થિ વિસર્જન કરી નગરના સ્વર્ગસ્થ સ્વજનોને અંજલી આપે છે જે સુવિદિત છે. તા. ૧૫ સાપ્ટેમ્બરથી ૧૦ ડિસેમ્બર દરમ્યાન અવસાન પામેલ સ્વજનોના અસ્થિ હરિદ્વાર ખાતે ૧૩ ડિસેમ્બરના રોજ ઉલ્લાસભાઈ વોરાના હસ્તે વિધિપૂર્વક ગંગા નદીમાં વિસર્જન કરવામાં આવશે. તા. ૧૧ ડિસેમ્બરના રોજ ઉલ્લાસભાઈ વોરાની આગેવાની હેઠળ હરિદ્વાર મેઈલમાં ગાંધીનગરથી સવારે હરિદ્વારા મેઈલ દ્વારા રેલ્વેસ્ટેશનથી રવાના થઈ હરિદ્વાર જશે. પ્લેટફોર્મ નં. ૧ થી હરિદ્વારની ગાડી પ્રસ્થાન કરશે જેમને રેલ્વેસ્ટેશન અંતિમદર્શન માટે જવું હોય તે ત્યાં પણ જઈ શકશે. ગાંધીનગર શહેર વસાહત મહામંડળ દ્વારા ૪૦,૫૦૦થી વધુ સ્વજનોના અસ્થિ વિસર્જન કરવામાં આવેલ હોવાથી અરૂણ બુચ, શશીકાન્ત મોઢા, મુકેશ શુકલ, પ્રદિપ સોલંકી, જીલુભા ધાધલ, કીશોર જીકાદરા સહીત સૌએ પુષ્પાંજલિમાં જોડાવા અપીલ કરી છે.

## જન્મદિને વધામણી



**પ્રકાશ લાલા**
વરિષ્ટ નાટ્યકાર અને સિનિયર વાઈસ પ્રેસિડેન્ડ ગાંધીનગર કલ્ચરલ ફોરમ
મો : ૯૪૨૬૦૮૪૬૩૨



**વસંતબેન સુરેશ ભટ્ટ**
મો. ૨૩૨૨૬૨૫૧




**અંજનાબેન બિપીનભાઈ રાવલ**
મેને. ટ્રસ્ટી, શાંતિનિકેતન પ્રાથમિક અને માધ્યમિક શાળા
મો. ૯૧૫૭૩ ૯૪૨૬૭



**કૃપાબા પંકજસિંહ બિહોલા**



**સંકેત ગોર**
મો. ૯૮૨૪૬ ૪૫૬૭૧



**વિધિબા ધવલસિંહ રાજપૂત**



**કવિષા ચિરાગકુમાર જોષી**